# વારાણસીમાં જામ્યું રાજકારણનું દંગલ

## વારાણસીમાં મોદીના ભવ્ય રોડ-શોમાં સમર્થકો ઉમટ્યા

હર હર મોદી ઘર ઘર મોદીના નારા લાગ્યા : ભોલેનાથની નગરીમાં રોડ શો વેળા કાફલા ઉપર ફુલોનો વરસાદ : કાશી વિશ્વનાથ અને કાલ ભૈરવ મંદિરમાં દર્શન



વારાણસી,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં આજે મેગા રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મોદીના શક્તિ પ્રદર્શનને લઈને ભાજપના કાર્યકરોમાં પણ અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. મોદીના રોડ શોમાં હર હર મોદી ઘર ઘર મોદીના નારા લાગ્યા હતા. ભારત માતા કી જયના નારા પણ લાગ્યા હતા. ચારેબાજુ કેસરિયા રંગ જોવા મળ્યો હતો. મોદીના રોડ શોને લઈને સમગ્ર વારાણસીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. વડાપ્રધાનના રોડ શોને લઈને કાર્યકરોમાં ભારે ઉત્સાહ રહ્યો હતો. અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે સાત જિલ્લાની ૪૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે. રોડ શો દરમિયાન મોદીના સમર્થકોએ તેમના નારા લગાવ્યા હતા. મોદીના રોડ શોને લઈને કેટલીક જગ્યાએ રસ્તા નાના હોવાના કારણે ટ્રાફિક જામની સ્થિતી જોવા મળી હતી. ભાજપ અધ્યક્ષ અમિત શાહે ગુરૂવારે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ગોરખપુરમાં રોડ શો યોજીને માહોલ ભાજપ તરફી કરવાના પ્રયાસ કર્યા હતા. વારાણસી હિન્દુ યુનિવર્સિટીમાં પંડિત મદન મોહન માલવિયેને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ ખુલ્લી ગાડીમાં હજારો સમર્થકોની સાથે મોદી જ્યારે વારાણસીના માર્ગો ઉપરથી નિકળ્યા ત્યારે તેમની એક ઝલક મેળવવા માટે માર્ગોની બંને બાજુએ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. બીએચયુમાં શરૂ થયેલા આ રોડ શો રવિદાસ ગેટથી લઈને લંકા, અસ્સી, ભદૈની, સોનારપુરા, બુનકર બહુલ મદનપુરા, બાંસફાટક થઈને પહેલા બાબા વિશ્વનાથ મંદિર અને ત્યારબાદ છેલ્લે કાલભૈરવ મંદિર સુધી પહોંચ્યો હતો જ્યાં મોદીએ પૂજા અર્ચના કરી જૌનપુર માટે રવાના થયા હતા. ભોલેનાથની નગરીમાં રોડ શો દરમિયાન મોદીના કાફલા ઉપર તેમના સમર્થકોએ સતત ફુલોનો વરસાદ કર્યો હતો.

## રોડ-શોમાં બહારથી જ ભીડ એકત્રિત કરાઈ : માયાવતી

વારાણસીના રોહનિયામાં માયાવતીનું સંબોધન : રોડ શોથી માત્ર માહોલ સર્જવાના પ્રયાસ કરાયા : મત સ્થાનિક લોકો આપે છે, આ લોકો અમારી રેલીમાં જ છે




જૌનપુર, તા. ૪

બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ પણ આક્રમક પ્રચારનો દોર આજે જારી રાખ્યો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી અખિલેશ યાદવ ઉપર પ્રહારો કર્યા હતા. માયાવતીએ વારાણસીમાં ચૂંટણી પ્રચારના ભાગરુપે યોજવામાં આવેલા રોડ શોની મજાક કરી હતી. માયાવતીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, વારાણસીમાં ભાજપ અને સમાજવાદી પાર્ટી-કોંગ્રેસના રોડ શોમાં જે લોકો ઉપસ્થિત રહ્યા હતા તે લોકો મોટાભાગે બહારના લોકો હતા. રેલીમાં સ્થાનિક લોકો દેખાઈ રહ્યા ન હતા. માયાવતીએ દાવા સાથે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં આ વખતે લોકો બહુજન સમાજ પાર્ટીને જીત અપાવવા માટે કમરકસી ચુક્યા છે. અગાઉના તમામ તબક્કામાં બહુજન સમાજ પાર્ટીની તરફેણમાં લોકોએ મતદાન કર્યું છે.

માયાવતીએ દાવા સાથે કહ્યું હતું કે, રોડ શોમાં જે લોકો એકત્રિત થયા છે તે લોકો ભાજપ અથવા સમાજવાદી પાર્ટીને મત આપનાર લોકો નથી. રોડ શોથી માત્ર માહોલ સર્જવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. વોટ સ્થાનિક લોકો આપે છે જે અમારી રેલીમાં ઉપસ્થિત રહે છે. સપા અને ભાજપના જે લોકો માર્ગો પર નિકળ્યા છે તે તેમની દયનીય સ્થિતિને દર્શાવે છે. માયાવતીએ એ પણ કહ્યું હતું કે, સ્થાનિક લોકો પહેલાથી જ નક્કી કરી ચુક્યા છે કે આ વખતે માત્ર વચનો આપનાર લોકોને જીત અપાવવામાં આવશે નહીં. સાથે સાથે ગુંડારાજને પણ ખતમ કરવા માટે કમરકસી લેવામાં આવી છે.

અગાઉના ભાષણોમાં માયાવતીએ કહ્યું હતું કે, જો ભાજપ સત્તામાં આવશે તો અનામતને ખતમ કરી દેવામાં આવશે. તેમના સોર્સ પાસેથી આ સંદર્ભમાં માહિતી મળી રહી છે. આગામી દિવસોમાં પણ આવા પ્રયાસો જારી રાખવામાં આવશે. બીજી બાજુ મહિલાઓ અને યુવતીઓની સુરક્ષાના મુદ્દે પણ માયાવતીએ અખિલેશ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા.

## અખિલેશ, રાહુલના રોડ શોમાં ડિમ્પલ યાદવ પણ જોડાયા

મોદીના રોડ શો બાદ રાહુલ અને અખિલેશનો રોડ શો યોજાયો : બંનેના રોડ શોમાં પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા : ઉત્તરપ્રદેશમાં રાજકીય દંગલ વચ્ચે ટોપ નેતાઓની ઉપસ્થિતિથી પોલીસ તંત્રની ઉંઘ હરામ



જૌનપુર,તા. ૪

ઉત્તરપ્રદેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકીય દંગલ વચ્ચે વારાણસીમાં રોડ શો બાદ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીએ પણ રોડશોમાં મોટી સંખ્યામાં લોકોને ખેંચ્યા હતા. અખિલેશ અને રાહુલના રોડ શોમાં ડિમ્પલ યાદવ પણ જોડાયા હતા. અખિલેશના પત્નિ ડિમ્પલ યાદવે રોડ શોમાં જોડાઈને તમામનું ધ્યાન ખેંચ્યું હતું. ઉત્તરપ્રદેશમાં સાત અને અંતિમ તબક્કામાં વારાણસી સહિતના વિસ્તારોમાં મતદાન યોજાનાર છે. આજે તમામ મોટા નેતાઓએ વારાણસીમાં નજરે પડ્યા હતા. આશરે ૨.૪૦ વાગ્યાની આસપાસ યુપી વિજયરથમાં રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ એક સાથે રોડ શોમાં નિકળ્યા હતા. ઉત્તરપ્રદેશના

મુખ્યમંત્રી અખિલેશના પત્નિ ડિમ્પલે રોડ શોમાં ભાગ લઈને તમામનું ધ્યાન ખેંચ્યું હતું. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીમાં છ તબક્કા માટે મતદાન યોજાઈ ચુક્યું છે. સાતમાં તબક્કામાં આઠમી માર્ચના દિવસે મતદાન યોજાનાર છે. આને લઈને પણ જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. અગાઉના તમામ તબક્કામાં શાંતિપૂર્ણરીતે મતદાન થયા બાદ રાજકીય પક્ષોમાં ઉત્તેજના પ્રવર્તી રહી છે. પાંચમાં તબક્કામાં મતદાનની ટકાવારી અગાઉના તબક્કા કરતા ઓછી રહી હતી. આજે વારાણસીમાં રાજકીય દંગલની સ્થિતિ જોવા મળી હતી. રાહુલ ગાંધી, અખિલેશના રોડ શોને લઈને પણ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. આ પહેલા મોદીએ પણ રોડ શો યોજ્યો હતો જેના કારણે આજે દિવસ દરમિયાન પોલીસ તંત્ર અને સુરક્ષા તંત્રની ઉંઘ હરામ રહી હતી. રોડ શો વાળા વિસ્તારોમાં દુકાનો અને વેપારી પેઢીઓને બંધ રાખવામાં આવી હતી. રસ્તાઓ પણ બંધ રાખવામાં આવ્યા હતા. આજના દિવસને લઈને પહેલાથી જ આયોજન કરવામાં આવ્યું હતું.

## રાજ્યની ૧૫ નગરપાલિકાઓની ૧૭ બેઠકોની પેટા ચૂંટણીઓ જાહેર

ગાંધીનગર, તા. ૪

રાજ્યની દસ જિલ્લાની ૧૫ નગરપાલિકાઓની ખાલી પડેલી ૧૭ બેઠકોની પેટા ચૂંટણીઓ આજે જાહેર કરવામાં આવતા આ નગરપાલિકા વિસ્તારોમાં આજથી ચૂંટણી આચાર સંહિતા અમલી બનવા પામી છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આજે વિજાપુર સાણંદ, લાઠી, અમરેલી, વલ્લભીપુર, મહુવા, શિહોર, દાહોદ, ભુજ, મહુધા, ઠાસરા, વલ્લભવિદ્યાનગર, પાલનપુર, ઉપલેટા અને ભાળાવદર નગરપાલિકાની ખાલી પડેલી ૧૭ બેઠકોની પેટા ચૂંટણીઓ આજે જાહેર કરવામાં આવી છે. આ ૧૭ બેઠકો પૈકી શિહોર અને વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાની બે-બે બેઠકનો સમાવેશ થાય છે. બાકીની નગરપાલિકાની ૧-૧ બેઠકોની પેટા ચૂંટણી છે.

● ચૂંટણી કાર્યક્રમ

રાજ્ય ચૂંટણી આયોગે ૧૫ નગરપાલિકાઓની ખાલી બેઠકોની જાહેર કરેલ પેટા ચૂંટણીનો કાર્યક્રમ આ પ્રમાણે છે.

| વિગત | તારીખ |
| --- | --- |
| ચૂંટણીની જાહેરાતની તારીખ | ૪-૩-૨૦૧૭ |
| ચૂંટણીની નોટીસો-જાહેરનામા પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૦-૩-૨૦૧૭ |
| ચૂંટણી અધિકારીએ ચૂંટણી નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૦-૩-૨૦૧૭ |
| ઉમેદવારીપત્રો રજુ કરવાની છેલ્લી તા. | ૧૫-૩-૨૦૧૭ |
| ઉમેદવારીપત્રોની ચકાસણી તારીખ | ૧૭-૩-૨૦૧૭ |
| ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૮-૩-૨૦૧૭ |
| મતદાનની તારીખ તથા સમય | ૨-૪-૨૦૧૭ |
| પુનઃ મતદાનની તારીખ | ૩-૪-૨૦૧૭ |
| મતગણતરીની તારીખ | ૫-૪-૨૦૧૭ |

### ગટર લાઈનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાર્બેજ,રબર તેમજ ઓઈલ ઉપરાંત સ્થાનિક કક્ષાએ ધમધમતા ઢાબાનો કચરો પણ નિકળતા અધિકારીઓ ચોંકી ગયા હતા. ગટરો ઉભરાવાની સમસ્યા પાછળ ગટર લાઇનમાં ઠલવાતો સોલીડ વેસ્ટ કારણભુત હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. આ સ્થિતિને ડામવા માટે તંત્રના અધિકારીઓએ હવેથી ગટર લાઈનનુ આંતરિક જોડાણ કાપવા સુધીના પગલા લેવાની ચિમકી આપી હતી. જી આઈ ડી સી વિસ્તારમાં ગટર લાઈનની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા અનેકવાર પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ સ્થાનિકો દ્વારા ગટર લાઈનનો ઉપયોગ સોલીડ વેસ્ટના નિકાલ માટે કરવામાં આવતા તંત્રના અધિકારીઓ પણ ત્રાહીમામ પોકારી ગયા છે. જેના પરિણામે હવે તંત્ર હવે ગટરલાઈનમાં કચરાનો નિકાલ કરતા તત્વો સામે આકરા પગલા લેશે તેમ પણ જણાંવાયુ છે.

### પરીક્ષા આપશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ માટે ૪૩ પરીક્ષા સ્થળોમાં ૪૮૩ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાના ૬૧૭૬ વિદ્યાર્થીઓ કસોટી આપશે. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે જિલ્લામાં ૨૭ પરીક્ષા સ્થળો પર ૩૧૨ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. બોર્ડ પરીક્ષાને અનુલક્ષી સી સી ટી વી કેમેરાની વ્યવસ્થા ૧૪૫ કેન્દ્રો પર રાખવામાં આવી છે. જયારે સી સી ટી વી કેમેરા ન હોય તેવા ૩૧ બ્લોકનો સમાવેશ થાય છે. આજે મળેલી પરીક્ષા સમિતિની બેઠકમાં પરીક્ષા દરમિયાન સુલેહ શાંતિ જળવાય અને કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રાખવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત સ્કોવોર્ડના સભ્ય તરીકે વર્ગ-૧ ના અધિકારીઓ રાઉન્ડ લેશે.

પરીક્ષા સ્થળો પર મોબાઈલ લઈ જવા માટે કડક પણે નિષેધ ઉપરાંત આસપાસના વિસ્તારમાં ઝેરોક્ષ સેન્ટરો પણ બંધ રાખવા માટે કડક સુચના આપવામાં આવી છે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ શરૂ કરી દેવાયો છે. આ માટે જરૂર જણાંય તો ૨૩૨૫૯૦૬૬ પર સંપર્ક કરવા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓને જણાંવાયુ છે. જિલ્લા શિક્ષણાધિકારી બારડે પણ વિદ્યાર્થીઓને ભય ચિંતા અને હાઉ રાખ્યા વિના પરીક્ષા આપવા માટે જણાંવ્યુ છે. જયારે શાળાના આચાર્યોને શાળા સ્વચ્છ રાખવા અને પરીક્ષા દરમિયાન શાળામાં ઠંડા પાણીની વ્યવસ્થા રાખવા માટે પણ જણાંવાયુ છે. વધુમાં પરીક્ષા કેન્દ્રો પર પ્રાથમિક સારવાર માટેની વ્યવસ્થા રાખવા પણ જણાંવાયુ છે.

### પશુ તસ્કરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સત્તાવાળાઓને પણ મળી રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પશુ તસ્કરીના આ બનાવમાં હજુ સુધી પોલીસને કોઈ કડી મળી નથી. જો કે આ વિસ્તારમાં પોલીસે પેટ્રોલીંગ વધારવાનો તેમજ શંકાસ્પદ વાહનોની ચકાસણી માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

### ખાતમુહૂર્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામથી ધણપ તરફ જતો રૂા.૧૦ લાખના ખર્ચે આર.સી.રોડનું ખાતમુહુર્ત ગુડાના અધ્યક્ષ આશિષકુમાર દવેના હસ્તે ખાતમૂહુર્ત કરવામાં આવેલ. જેમાં ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન ઘનશ્યામભાઈ, જીલ્લા ભાજપ મહામંત્રી આઈ.બી. વાઘેલા, સરપંચો, ડેપ્યુટી સરપંચો તથા ભાજપના આગેવાનો તથા સમસ્ત ગ્રામજનો, ગુડાના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

### છઠ્ઠા તબક્કામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે આ વખતે આજમગઢમાં મુલાયમસિંહે એક પણ રેલી કરી ન હતી. આજના છઠ્ઠા તબક્કામાં ૭૭ લાખ ૮૫ હજાર મહિલા સહિત એક કરોડ ૭૨ લાખ મતદારો હતા જે પૈકી ૫૭ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આજે મતદાનની સાથે જ કુલ ૬૩૫ ઉમેદવારોના ભાગ્ય ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. છઠ્ઠા તબક્કામાં ૧૭૯૨૬ મતદાન કેન્દ્ર પર મતદાન યોજાયું હતું. વર્ષ ૨૦૧૨માં આ સીટો પૈકી સમાજવાદી પાર્ટીએ ૨૭, બહુજન સમાજવાદી પાર્ટીએ સાત અને કોંગ્રેસે ચાર સીટ જીતી હતી. અન્ય બે સીટો અન્યના ખાતામાં જ ગઈ હતી. છઠ્ઠા તબક્કામાં નેપાળ સાથે જોડાયેલા મહારાજગંજ અને કુશીનગરની સાથે સાથે ગોરખપુર, દેવરિયા, આજમગઢ, મઉ અને બલિયા જિલ્લાની ૪૯ બેઠકો પર મતદાન યોજાયું હતું. છઠ્ઠા તબક્કામાં સાંસદ આદિત્યનાથ ઉપરાંત કેન્દ્રિય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી કાલરાજ મિશ્રાની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઈ હતી. બીજી બાજુ કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ ગોઠવી દેવામાં આવી હતી.

### વિક્રમી મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણ કે, ત્રણ વાગ્યા સુધીની અવધિ પૂર્ણ થયા બાદ મતદાન કેન્દ્રો ઉપર મોટી સંખ્યામાં મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. ચૂંટણી પંચે પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, પ્રથમ તબક્કાના મતદાનમાં ૮૪ ટકા જેટલું મતદાન થયું છે. ચૂંટણી મુખ્યરીતે શાંતિપૂર્ણ રહી છે. જો કે, પીઆરજેએ પાર્ટીના સંયોજકે તેમના ઉપર કેટલાક વણઓળખાયેલા લોકોએ હુમલો કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. સિનમ લીકઈની પાસે આશરે ૧૧ વાગે બે લોકોએ તેમની કાર ઉપર પથ્થરમારો કર્યો હતો. પીઆરજેએના વડા ઈરોમ શર્મિલા પણ મતદાન કરવા માટે પહોંચ્યા હતા. તેઓ રાજકીય પાર્ટીની સાથે શરૂઆત કરી રહ્યા છે. પ્રથમ તબક્કા હેઠળ ઈમ્ફાલ પૂર્વ, ઈમ્ફાલ પશ્ચિમ, વિષ્ણુપુર, ચુંડાચંદપુર, કાંગપોકપી, ફેરેઝોલ જિલ્લામાં મતદાન થયું હતું. આ તબક્કામાં ૫૪૦૫૦ પુરુષ મતદારો અને ૫૭૫૨૦ મહિલા મતદારો હતા જે પૈકી ૮૪ ટકાથી વધુ મતદારાઓએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

### વન્યસૃષ્ટિનો પરિચય

● ૪ પાનાનું ચાલુ...

થાય છે. તેને પીવામાં આવે તો પાચન રસોમાં એડિટથી તે નષ્ટ થઈ જાય અને તેની કોઈ અસર થતી નથી.

સાપના ઝેરના પાવડરના નામે વેચાતો આ પાવડર ખરેખર સાપના ઝેરમાંથી જ બનેલ છે કે અન્ય નશાકારક પદાર્થ (ડ્રગ્સ) છે તે પણ એક રહસ્યમય પ્રશ્ન છે. તેની કાયદેસરની કાર્યવાહી તથા ઓળખમાં નડતી સમસ્યાઓ હવે પછીના લેખમાં જોઈશું.

(ક્રમશઃ)

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

રાસ્તે આગળ વધ્યો છે. પરિણામે આપણને એવું લાગે છે કે ફ્રીડમ ઓફ એક્સપ્રેશન એક બાજુ રહી જાય છે અને સામેસામાં હિસાબો પતાવવાની વાતો વધુ ચગ્યા કરે છે. અસલમાં શોશિયલ મીડિયા અને રાજનેતાઓ આ અભિવ્યક્તિની સ્વતંત્રતાના ખોટા અર્થો માટે વધુ કસુરવાર છે. કોઈ પણ ટોમ, ડીક કે હેરી મનફાવે તેમ અભિવ્યક્ત કર્યા કરે છે અને એ અભિવ્યક્તિના વિરોધ અને સમર્થનમાં બે ભાગોમાં વહેચાય જાય છે લોકો...! પણ વિચારવાનો પ્રશ્ન એ છે કે શું અભિવ્યક્તિની આઝાદીને નામે તમે કોઈના વિષે કે કોઈ પણ વાત કહી શકો છો ? કહેવી જોઈએ ? અને જો કહી શકો છો તો શું તમને ખ્યાલ છે કે કહેલી વાતની દેશ અને દેશની અખંડતા પર કે દેશની લોકશાહી પર શું અસર થશે ?

એમાયે આજકાલ દેશમાં ચુંટણીનો માહોલ છે. અને જે પ્રમાણે પ્રચારમાં વાકયુદ્ધ ચાલી રહ્યું છે એ જોતા તો કોઈના વખાણ કરવા પડે એમ નથી...! અભિવ્યક્તિની આઝાદીના નામે ચૂંટણીપ્રચારમાં નિમ્નમાં નિમ્ન કશાના શબ્દોનો ઉપયોગ બધા જ રાજકીય નેતાઓ – આઈ રીપીટ બધા જ રાજકીય નેતાઓ કરી રહ્યા છે એ જોતા દેશના લોકો પણ ફ્રીડમ ઓફ એક્સપ્રેશનના નામે એલફેલ બકવાસનાં કરે તો જ નવાઈ. અસલમાં અભિવ્યક્તિની આઝાદીના આ હમામ માં સબ નંગે હે, પછી ચાહે એ ભાજપના નેતાઓ હોય કે પછી બીજી પાર્ટીઓના....સો સેડ ના...! અસલમાં ફ્રીડમ ઓફ એક્શ્પ્રેશન આજકાલ એક પ્રકારની વોટબેંક બનીને રહી ગઈ છે. બધા મનફાવે એ રીતે આ બેંક અને શબ્દનો ઉપયોગ કરી જાણે છે.આપણા દેશમાં અનલીમીટેડ ફ્રીડમની આદત પડી ગઈ છે અને અમુક લોકો એ આદતનો ભરપુર ફાયદો ઉઠાવે છે, વાંધો એનો નથી પણ સૈનિકના પોસ્ટ થયેલા વિડીયો કરતા 'ગધેડા', 'કસાબ' દેશદ્રોહી કે 'દેશભક્ત' પર વધુ ચર્ચા થાય એ ખટકે છે..! દેશની સુરક્ષા કરતા જવાનને વખાણવાને બદલે દેશદ્રોહી નારાઓની વધુ તરફેણ થાય એ ખટકે છે...! અને આ બધું જ 'ફ્રીડમ ઓફ એક્શ્પ્રેશનના નામે થાય એ વધુ ખટકે...! વિરોધ કરવાનો, વ્યક્ત કરવાનો બધાને હક્ક છે પણ અભિવ્યક્તિની આઝાદીનો ક્યાં, કેટલો અને કેવો ઉપયોગ કરવો એ હજુ આપણે શીખવું બાકી છે એવું નથી લાગતું...? જવાબ દરેકે શોધવાનો છે...!

## આ પણ વાંચીએ...

### ● ગુફામાં બનાવ્યુ ઘર

આશિયાનાની જરૂરીયાત હોય છે તેઓ ગમે તે રસ્તો શોધી જ લેતા હોય છે. કોઈ ઝુંપડુ બનાવી લે છે તો કોઈ પહાડને કાપીને ઘર બનાવી લે છે. ગુફામાં બનાવેલા એક અનોખા ઘરની કહાની ખુબ જ રસપ્રદ છે. એજેલો નામના વ્યક્તિએ એક હરાજી દરમ્યાન એક ગુફા ખરીદી લીધી હતી. આ ગુફાને તેમણે રહેવા લાયક ઘર બનાવી દીધુ છે. પાણી, વીજળી, વાઈફાઈ, ફલોરરીંગ સહિતની તમામ સુવિધાઓ અહીં ઉપલબ્ધ છે. આ અનોખા ગુફા ઘરને જોવા પ્રવાસીઓની ભારે ભીડ રહે છે.



### ● પહેલી સેલ્ફી ૧૮૫૦ની છે



આજકાલ સેલ્ફીનો ક્રેઝ અબાલવૃદ્ધ સૌમાં જોવા મળે છે. સ્માર્ટફોનના કારણે સેલ્ફીનો ક્રેઝ વધી રહ્યો છે. પરંતુ સેલ્ફીનો ઈતિહાસ ખુબ જુનો હોવાનું કહેવાય છે. દુનિયાની પહેલી સેલ્ફી આજથી દોઢ સદી પહેલા લેવાઈ હતી. જે ચિત્રના સ્વરૂપમાં છે. આ સેલ્ફી એટલે કે સેલ્ફ પોટ્રેટ સ્વીડીશ આર્ટ ફોટોગ્રાફર ઓસ્કર રેજલેડરની છે. તાજેતરમાં આ સેલ્ફ પોટ્રેટની નીલામી થઈ જે ૭૦ લાખમાં વેચાઈ હતી.

### ● ચાર વર્ષની બાળકીએ વાંચ્યા ૧૦૦૦ પુસ્તકો

જોર્જિયામાં રહેનાર ચાર વર્ષિય બાળકીના કારનામા સાંભળી અચંબિત થાઈ જવાશે. આ ચાર વર્ષિય બાળકી ડાલિયાએ આટલી નાની ઉંમરમાં ૧૦૦૦ પુસ્તકો વાંચી લીધા છે. તેની આ સિદ્ધિના કારણે દુનિયાની સૌથી મોટી લાયબ્રેરી 'યુએસ લાયબ્રેરી ઓફ કોંગ્રેસ'માં તેને એક દિવસ માટે લાયબ્રેરીયન બનાવાઈ હતી. ડાલિયા બે વર્ષની હતી ત્યારે જ તેણે વાંચવાનું શરૂ કરી દીધુ હતુ.

